| LAN Number - SHLHSRAT0000888<br>1. JADHAV DADAJI MADHUKAR (Borrower No.1) And<br>2. JADHAV TARABAI (Borrower No.2)<br>All Residing at: – Flat No. 404, Laxmi Residency, Laxmi Nagar, B/h Raj Complex,At. Chalthan, Ta. Palsana, Di. Surat-394305<br>ALSO AT:-463/4, At. Khadaki, Malegaon, Di. Nashik-423203<br>Loan Amount – Rs. 6,28,726/-<br>LAN .- SHLHSRAT0000888<br>NPA Date – 03-08-2026 | All right, title and interest in Flat No.404, on 4th floor adm. 344 sq.fts. i.e. 31.97 sq.mtrs. Super Built-up area & 573.00 sq.fts. i.e. 53.25 sq.mtrs. Built-up area, togetherwith undivided proportionate share in underneath land in "Laxmi Residency", Constructed on Plot No.11 & 12, total adm.87.91 sq.mtrs., undivided share adm. 12.00 sq.mtrs., Situated on the land bearing Block No.183 of Village :Chalthan, Taluka: Palsana, Dist. Surat<br>Boundaries (As per Document):-<br>East: Adj. Plot, West: Flat No.403,<br>North Flat No.401, South: Open Land. | Demand Notice Date – 13/08/2026<br>Demand notice Amount- Rs. 6,69,457/- (Rupees Six Lakh Sixty Nine Thousand Four Hundred Fifty Seven only) as on 12/08/2026 under reference of loan account no. SHLHSRAT0000888 along with further interest as mentioned hitherto and incidental expenses, costs etc. |
| LAN Number - SHLHSURA0000026<br>1. JAGUBHAI GOBARBHAI KALOTARA (Borrower No.1) And<br>2. MANUBHAI GOBARBHAI RABARI (Borrower No.2) And<br>3. BABUBHAI GOBARBHAI KALOTARA (Borrower No.3) And<br>4. KALOTARA VASANBEN MANUBHAI (Borrower No.4)<br>All Residing at: – House no, 1, Labhu Ba Nagar Society, Aie Mata Road, Nr. Noble School, Opp, Vijay Nagar, Punagam, Surat-395010<br>ALSO AT:-B-79, Haridwar Society-2, Katargam, Singanpor Road, Surat-395004.<br>Also At:-@Kalgi House<br>64,68, First Floor, Z Row, Shree Laxmi Narayan Ind Park, BRC Compound, Udhana, Bamroli, Surat-394210<br>Also At:-At. Moti Vadal, Tal. Mahuva, Di. Bhavnagar-364530<br>Loan Amount :- Rs. 33,49,215/-<br>LAN .- SHLHSURA0000026<br>NPA Date – 03-08-2026 | All that piece and parcel of the immovable property bearing Plot No.1, admeasuring 41.25 Sq. Mts. in "Labhuba Nagar Society", Situated on the land bearing Revenue Survey No.58/2, Block No.120; T.P. Scheme No. 34 (Magob-Dumbhal), F.P. No.27/B of Village: Magob, Sub-District: Udhna (Choryasi), District: Surat.<br>Boundaries (As per Document):-<br>East: Society's internal Road, West: Adj. Shop No.1,<br>North: Adj. Land, South: Adj. Plot No.2.<br>Boundaries (As per Site):-<br>East: Society Road, West: Adj. Shop,<br>North: Adj. Land, South: Adj. Plot No.2 | Demand Notice Date – 13/08/2026<br>Demand notice Amount- Rs. 33,49,681/- (Rupees Thirty Three Lakh Forty Nine Thousand Six Hundred Eighty One only) as on 12/08/2026 under reference of loan account no. SHLHSURA0000026 along with further interest as mentioned hitherto and incidental expenses, costs etc. |
| LAN Number - SLPHVDDR0001659<br>1. MANHARBHAI MAKWANA (Borrower No.1) And 2. DAXABEN MANHARBHAI MAKWANA (Borrower No.2) And<br>3. VIKASHBHAI MAKWANA (Borrower No.3)<br>All Residing at: – Sadhana Society, Alipura, Bodeli, Nr. Shiv Hospital,Dhokaliya, Vadodara-391135<br>Also At:-@New Hinglaj borewell<br>Sadhana Society, Alipura, Bodeli, Nr. Shiv Hospital,Dhokaliya, Vadodara-391135<br>Also At:-Plot No- 9 Paiki Northern Side, House No.1, Gram Panchayat No. 326, Sadhana Society, Nr. Bodeli Bus Stand, Alipura, Bodeli, Di. Chhota udepur-391135<br>Also At:-Sadhana Society, Alipura, Bodeli, Nr. Shiv Hospital,Dhokaliya, Vadodara-391135.<br>Loan Amount :- Rs. 35,44,288/-<br>LAN .- SLPHVDDR0001659<br>NPA Date – 03-08-2026 | All that Piece and Parcel of bearing non-agricultural plot of land in Mauje Alikherva, Bodeli lying being land bearing Survey No. 147/1 Paikki Plot No. 9 Paikki Northern side Gram Panchayat House no. 326, Land Area admeasuring 92.93 Sq.Mtrs., (1000 Sq.Ft), Construction Ground Floor admeasuring 92.10 Sq.Mtrs., First Floor admeasuring 92.10 Sq. Mtrs., Total admeasuring 184.20 Sq. Mtrs., i.e. 1982 Sq. Fts., at the Registration Sub-District Bodeli & District Chhotaudepur. Within the state of GUJARAT, which is bounded as follows:<br>As per Sale deed:-<br>North: By Common Road<br>East: By Government & Private Property<br>South: By House of Seller<br>West: By Private Property | Demand Notice Date – 13/08/2026<br>Demand notice Amount- Rs. 37,85,451/- (Rupees Thirty Seven Lakh Eighty Five Thousand Four Hundred Fifty One only) as on 12/08/2026 under reference of loan account no. SLPHVDDR0001659 along with further interest as mentioned hitherto and incidental expenses, costs etc. |

You the borrowers are therefore called upon to make the payment of the outstanding dues as mentioned hereinabove in full within 60 days of this notice failing which the undersigned shall be constrained to take action under the SARFAESI Act, to enforce the abovementioned securities. Please note that as per Sec 13(13) of the said act, you are restrained from transferring the above referred securities by way of sale, lease, or otherwise without our consent.


Place : Surat, Vadodara, Anand, Bharuch
Date: 25-08-2026

Sd/- Authorised Officer- Truhome Finance Limited
(Earlier Known as Shriram Housing Finance Limited)

### આંચકાની તીવ્રતા ૩.૩ની રિક્ટર સ્કેલ પર નોંધાઈ

# કચ્છમાં ફરી ધરા ધ્રુજી, ભચાઉથી ૨૧ કિલોમીટર દૂર ભૂકંપનું કેન્દ્રબિન્દુ

## ભૂકંપના જોખમને રીતે અત્યંત જોખમી ગણાતા ઝોન ૫માં સમાવિષ્ટ કચ્છમાં ફરીથી ધરા ધ્રુજી છે



**કચ્છ,** કચ્છમાં ફરીથી ભૂકંપનો આંચકો નોંધાયો છે. આ આંચકો કચ્છના ભચાઉથી ૨૧ કિલોમીટર દૂર નોંધાયો. રાત્રે લગભગ ૧.૩૦ કલાકની આસપાસ આ ભૂકંપ આવ્યો. ભૂકંપની ઊંડાઈ ૧૫.૩ કિલોમીટર નોંધાઈ હતી. મોડી રાતે લગભગ દોઢ વાગ્યાની આસપાસ ૩.૩ની તીવ્રતાનો આંચકો નોંધાયો. કચ્છમાં આવેલા ભૂકંપનું કેન્દ્રબિન્દુ ભચાઉથી ૨૧ કિલોમીટર દૂર પૂર્વ દક્ષિણ પૂર્વ દિશામાં હતું. તમને જણાવી દઈએ કે જે સત્તાવાર માહિતી ઉપલબ્ધ છે તે પ્રમાણે ગુજરાતના કચ્છનો રણપ્રદેશ જે ભૂકંપને લઈને અત્યંત જોખમી પ્રદેશ ગણાય તેવા ઝોન ૫માં આવે છે. જ્યારે કેટલાક અન્ય વિસ્તારો ઝોન ૪ અને મોટાભાગના વિસ્તારો ઝોન ૩માં આવે છે. સરકારી યાદીની માહિતી મુજબ અમદાવાદ ઝોન ૩માં આવે છે. ભારત ભૂકંપના ખતરાની રીતે પાંચ ઝોનમાં વહેંચાયેલું છે. જેમાં પાંચમો ઝોન એ ખુબ જ જોખમી ગણાય છે. ઝોન પ્રમાણે માહિતી જાણીએ.

ઝોન ૫ અત્યંત જોખમી : આ ઝોનમાં કાશ્મીર હિમાલયના કેટલાક વિસ્તારો, ઉત્તર પૂર્વ ભારત, ઉત્તર બિહાર, કચ્છનું રણ સહિત મોટાભાગના વિસ્તારો અને આંદમાન નિકોબાર જેવા વિસ્તારોનો સમાવેશ કરાયેલો છે.

ઝોન ૪ જેમાં જોખમનું પ્રમાણે વધુ : આ ઝોનમાં પણ હિમાલયના કેટલાક ભાગો, દિલ્હી તથા ઉત્તર ભારતના કેટલાક વિસ્તારો અને ગુજરાતના પણ કેટલાક વિસ્તારો જેમ કે ઉત્તર સૌરાષ્ટ્ર, કચ્છને અડીને આવેલા વિસ્તારો તથા આજુબાજુના વિસ્તારોનો સમાવેશ થાય છે.

ઝોન ૩ જોખમનું પ્રમાણે સરખામણીમાં ઓછું : ગુજરાતના મોટાભાગના વિસ્તારો જેમાં અમદાવાદ સહિત અનેક શહેરોનો પણ સમાવેશ થાય છે તથા અનેક મધ્ય અને દક્ષિણ ભારતીય વિસ્તારોનો આ ઝોનમાં સમાવેશ થાય છે. ઝોન ૨માં પ્રમાણ ઓછું : આ ઝોનમાં દેશના બાકીના વિસ્તારોમાંથી મોટાભાગના વિસ્તારો આવે છે. જેમાં ભૂકંપના જોખમનું પ્રમાણ ખુબ ઓછું હોય છે. અત્રે નોંધનીય છે કે ભૂકંપના જોખમની રીતે જોઈએ તો કચ્છ ભારતના સૌથી સક્રિય ભૂકંપીય વિસ્તારોમાંથી એક છે. ૨૦૨૬માં પણ કચ્છમાં હળવા ભૂકંપના આંચકા નોંધાયેલા છે. ૧૬ જુલાઈએ ૩.૪ અને ૧ મેના રોજ ૩.૨નો આંચકો નોંધાયેલો હતો.

### ભાવનગરનો મુસાફર ઝડપાયો

# અમદાવાદ એરપોર્ટ પર રૂપિયા ૮૪ લાખના સોનાની દાણચોરી ઝડપાઈ

## કસ્ટમ વિભાગે શારજાહથી આવેલા મુસાફર પાસેથી અંદાજે રૂ.૮૪ લાખની કિંમતનું ૪૯૯ ગ્રામ ૨૪ કેરેટ સોનું જપ્ત કર્યું



**અમદાવાદ,** અમદાવાદ એરપોર્ટ ફરી એકવાર સોનાની દાણચોરીના પ્રયાસને કારણે ચર્ચામાં આવ્યું છે. કસ્ટમ વિભાગે શારજાહથી અમદાવાદ આવેલા એક મુસાફર પાસેથી અંદાજે રૂ.૮૪ લાખની કિંમતનું ૪૯૯ ગ્રામ ૨૪ કેરેટ સોનું જપ્ત કરીને મોટી કાર્યવાહી કરી છે. આ ઘટનામાં ભાવનગરના ૩૧ વર્ષીય મુસાફરની ધરપકડ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મુસાફરે સોનાની ચેઈન પોતાના ગળામાં પહેરી હતી અને તેને ચાલાકીપૂર્વક હાઈ નેક સ્વેટરની આડમાં છુપાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, કસ્ટમ અધિકારીઓની સક્રિયતા અને સતર્કતાને કારણે આ દાણચોરીનો પર્દાફાશ થયો હતો. કસ્ટમ વિભાગે સોનું જપ્ત કરીને મુસાફર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાએ ફરી એકવાર અમદાવાદ એરપોર્ટ પર થતી આંતરરાષ્ટ્રીય સોનાની દાણચોરીના નેટવર્ક અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે. શું આ મુસાફર માત્ર એક કેરિયર હતો કે પછી તેની પાછળ કોઈ મોટું દાણચોરીનું રેકેટ સક્રિય છે, તે દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આ કાર્યવાહી દર્શાવે છે કે એરપોર્ટ પર સુરક્ષા અને કસ્ટમ વિભાગની બાજ નજર સતત કાર્યરત છે.

### ‘હર હર મહાદેવ’ના જયઘોષથી ગુંજ્યું મંદિર પરિસર

# શ્રાવણના બીજા સોમવારે સોમનાથમાં ભક્તોનું ઘોડાપૂર

## ગીર સોમનાથમાં પવિત્ર શ્રાવણના બીજા સોમવારે ભક્તિ અને આસ્થાનો અદભુત માહોલ જોવા મળ્યો હતો



**ગીર સોમનાથ,** ગીર સોમનાથમાં પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે સોમનાથ મહાદેવના દર્શન માટે ભક્તોનું ઘોડાપૂર જોવા મળ્યું હતું. વહેલી સવારથી જ સોમનાથ મંદિર તરફ શિવભક્તોની અવરજવર વધી હતી અને હજારોની સંખ્યામાં ભક્તો ભગવાન સોમનાથના દર્શન કરવા માટે પહોંચ્યા હતા. શ્રાવણના સોમવારને ભગવાન શિવની આરાધના માટે વિશેષ પવિત્ર માનવામાં આવતો હોવાથી સોમનાથમાં ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. ભક્તો શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે સોમનાથ મહાદેવના દર્શન માટે પહોંચ્યા હતા.

મંદિર પરિસરમાં મોટી સંખ્યામાં ભક્તો એકત્ર થતાં સમગ્ર વાતાવરણ શિવમય બની ગયું હતું. ચારેય તરફ ‘હર હર મહાદેવ’ અને ‘જય સોમનાથ’ના જયઘોષ સંભળાઈ રહ્યા હતા. ભક્તોના જયઘોષથી સમગ્ર મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું. અનેક ભક્તો ભગવાન શિવના દર્શન કરીને પોતાની મનોકામના પૂર્ણ થાય તેવી પ્રાર્થના કરતા જોવા મળ્યા હતા. શ્રાવણના બીજા સોમવારે સોમનાથ મહાદેવના દર્શન માટે આવેલા શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને ભક્તિભાવ સાથે લોકોએ ભગવાન સોમનાથના દર્શનનો લાભ લીધો હતો. ભક્તોની મોટી સંખ્યાને ધ્યાનમાં રાખીને સોમનાથ ટ્રસ્ટ દ્વારા પણ દર્શનાર્થીઓ માટે સુચારુ વ્યવસ્થા કરવામાં આવી હતી. ભક્તોને કોઈ મુશ્કેલી ન પડે અને તેઓ સરળતાથી ભગવાન સોમનાથના દર્શન કરી શકે તે માટે જરૂરી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી હતી.

શ્રાવણ માસ દરમિયાન સોમનાથ ખાતે મોટી સંખ્યામાં ભક્તો ઉમટતા હોય છે ત્યારે આગામી દિવસોમાં પણ દર્શનાર્થીઓની સંખ્યા વધવાની શક્યતા છે. શ્રાવણ માસ દરમિયાન લાખો ભક્તો સોમનાથ મહાદેવના દર્શન માટે પહોંચે તેવી શક્યતા છે.

શ્રાવણ માસને હિન્દુ ધર્મમાં ભગવાન શિવની આરાધના માટે વિશેષ મહત્વ ધરાવતો મહિનો માનવામાં આવે છે. આ મહિનામાં ભક્તો ભગવાન શિવની પૂજા કરે છે, જળાભિષેક કરે છે અને બિલિપત્ર અર્પણ કરે છે. ખાસ કરીને શ્રાવણના સોમવારને શિવભક્તો માટે અત્યંત પવિત્ર માનવામાં આવે છે.

શ્રદ્ધાળુઓ ઉપવાસ, પૂજા અને ભગવાન શિવના દર્શન કરીને ભક્તિમાં લીન બને છે. ગુજરાતમાં પણ શ્રાવણ માસ દરમિયાન વિવિધ શિવ મંદિરોમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે. સોમનાથમાં શ્રાવણ દરમિયાન વિશેષ ધાર્મિક માહોલ જોવા મળે છે અને ભક્તોની સંખ્યા સતત વધતી રહે છે. સોમનાથ ટ્રસ્ટ દ્વારા પણ શ્રાવણ માસ દરમિયાન વિશેષ ધાર્મિક આયોજન કરવામાં આવે છે.

### ગુજરાતમાં ખેતી ખતરામાં

# ૨.૨૮ લાખ હેક્ટર ખેતીલાયક જમીન ઘટી, ખેડૂતો થયા લાચાર

## લોકસભામાં રજૂ થયેલા લેન્ડ યુઝ સ્ટેટિસ્ટિક્સ મુજબ, સાબરકાંઠામાં ૪૩.૭૨% અને જામનગરમાં ૪૦.૬૧% ઘટાડો નોંધાયો છે



**ગાંધીનગર,** ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ અને શહેરીકરણની તેજ ગતિ વચ્ચે એક ચોંકાવનારી વિગતો સામે આવી છે. લોકસભામાં રજૂ કરાયેલા ’લેન્ડ યુઝ સ્ટેટિસ્ટિક્સ’ મુજબ, રાજ્યમાં છેલ્લાં પાંચ વર્ષમાં અંદાજે ૨.૨૮ લાખ હેક્ટર ખેતીલાયક જમીનનો ઘટાડો થયો છે. આ ઘટાડો ગુજરાતના કુલ કૃષિ ક્ષેત્રના આશરે ૧.૮૩ ટકા જેટલો થાય છે પરિણામે ભવિષ્યમાં ખાદ્ય સુરક્ષાએ ચિંતાનો વિષય બન્યો છે. ખેતી મોંઘી થતાં ખેડૂતો ખેતીલાયક જમીનો વેચી રહ્યાં છે જેથી ગુજરાતમાં આ સ્થિતિનું નિર્માણ થયું છે.

કેન્દ્રીય કૃષિ મંત્રાલયના સરકારી અહેવાલ મુજબ વર્ષ ૨૦૨૦-૨૧માં રાજ્યમાં ૧૨૪.૬૨ લાખ હેક્ટર ખેતીલાયક જમીન હતી, જે વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં ઘટીને માત્ર ૧૨૨.૩૮ લાખ હેક્ટર રહી ગઈ છે. જિલ્લાવાર આંકડાઓ પર નજર કરીએ તો સાબરકાંઠામાં સૌથી વધુ ૪૩.૭૨ ટકા અને જામનગરમાં ૪૦.૬૧ ટકા અને વડોદરામાં ૩૮.૧૮ ટકા ખેતીની જમીન ઓછી થઈ છે. જ્યારે અમદાવાદ જિલ્લામાં ૭૧,૭૮૬ હેક્ટર જમીન બિન-ખેતીમાં ફેરવાઈ ગઈ છે.

ખેતીની જમીન ઘટવા પાછળ ઝડપી શહેરીકરણ મુખ્ય જવાબદાર પરિબળ રહ્યું છે. અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા જેવા મેટ્રો શહેરોની સરહદો સતત વિસ્તરી રહી છે. હાઉસિંગ પ્રોજેક્ટ્સના કારણે ખેડૂતો ઊંચી કિંમતે ખેતીલાયક જમીનો વેચી રહ્યા છે. ગુજરાતમાં ખેતીલાયક જમીન ઘટવાના મુખ્ય કારણોમાં ઝડપી શહેરીકરણ, ઔદ્યોગિક કોરિડોર નું નિર્માણ, ખેતીમાં ઓછી આવક અને મોંઘવારી, દરિયાઈ ખારાશ અને જમીન ધોવાણનો સમાવેશ થાય છે.

મહત્ત્વનું કારણ એ પણ છે, હવે બિયારણ, ખાતર અને મજૂરીના વધતા ખર્ચ સામે ખેડૂતોને પાકના પોષણક્ષમ ભાવ મળતા નથી. આ જોતાં ખેડૂતોને ખેતી પોષાય તેમ નથી જેથી તેઓ ખેતીલાયક જમીન વેચી રહ્યાં છે. ગુજરાતમાં ખેડૂત પરિવારની સરેરાશ માસિક આવક માત્ર રૂ. ૧૨,૬૩૧ છે જેના કારણે નવી પેઢી ખેતી છોડી અન્ય વ્યવસાય તરફ વળી રહી છે.

ગુજરાત મોડેલમાં ઉદ્યોગોને પ્રાથમિકતા મળતા હાઈવે ટચ ખેતીની જમીનો ફેક્ટરીઓ, સ્પેશિયલ ઈકોનોમિક ઝોન અને લોજિસ્ટિક પાર્કમાં ફેરવાઈ રહી છે. આ ઉપરાંત કચ્છ, સુરત જેવા દરિયાકાંઠાના વિસ્તારોમાં ભૂગર્ભ જમીનમાં ખારાશ વધી રહી છે. રાસાયણિક ખાતરોના અતિશય વપરાશને લીધે પણ હજારો હેક્ટર જમીન બિન-ઉપજાઉ બની છે.

# ગુજરાતમાં આગામી ૭ દિવસ સામાન્ય વરસાદની આગાહી

**અમદાવાદ,** ગુજરાતમાં આગામી સાત દિવસ દરમિયાન સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ રાજ્યમાં સાયક્લોનિક સર્ક્યુલેશન, લો પ્રેશર અને મોન્સૂન ટ્રફ જેવી વરસાદી સિસ્ટમો સક્રિય છે, પરંતુ આગામી સાત દિવસ દરમિયાન ભારે વરસાદની કોઈ આગાહી કરવામાં આવી નથી. વરસાદી સિસ્ટમો સક્રિય હોવાના કારણે રાજ્યના વિવિધ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડી શકે છે. જોકે, હાલની સ્થિતિને જોતા અતિભારે વરસાદ કે વ્યાપક ભારે વરસાદની સંભાવના ઓછી હોવાનું હવામાન વિભાગનું અનુમાન છે. અમદાવાદ શહેરમાં આગામી દિવસોમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. શહેર અને આસપાસના વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટાં પણ પડી શકે છે. જોકે, ભારે વરસાદને લઈને હાલ કોઈ ચેતવણી આપવામાં આવી નથી. સમગ્ર ચોમાસાની સિઝન દરમિયાન ગુજરાતમાં સામાન્ય કરતા ૧૩ ટકા વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં સારો વરસાદ થયો છે, જેના કારણે સિઝનના કુલ વરસાદના આંકડામાં વધારો જોવા મળ્યો છે.

### અમદાવાદમાં કાંગારૂઓનો ડંકો

# બાસ્કેટબોલની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ ચીનને હરાવ્યું

**અમદાવાદ,** ગુજરાતની રમતગમત ક્ષેત્રે વધતી પ્રતિષ્ઠામાં વધુ એક સુંદર પ્રકરણ ઉમેરાયું છે. અમદાવાદ ખાતે આયોજિત FIBA U18 એશિયા કપ-૨૦૨૬ની હાઈ-વોલ્ટેજ ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ચીનને ૮૯-૭૯થી પરાજય આપીને સતત બીજી વખત ચેમ્પિયન બનવાનું બહુમાન મેળવ્યું છે. સમગ્ર મેચ દરમિયાન રમતપ્રેમીઓમાં અદભુત ઉત્સાહ જોવા મળ્યો હતો, જ્યાં ઓસ્ટ્રેલિયાની ટીમે આક્રમક રમત દાખવી અંતિમ ક્વાર્ટરમાં ૧૦ પોઈન્ટની સરસાઈ સાથે શાનદાર વિજય હાંસલ કર્યો હતો. ફાઈનલ મુકાબલામાં બંને ટીમો વચ્ચે પ્રથમથી જ કડક ટક્કર જોવા મળી હતી. પ્રથમ હાફના અંતે ઓસ્ટ્રેલિયા ૪૪-૪૨થી મામૂલી લીડ ધરાવતું હતું, પરંતુ અંતિમ ક્વાર્ટરમાં ઓસ્ટ્રેલિયન ટીમે જબરદસ્ત વાપસી કરીને ચીન પર દબાણ બનાવ્યું હતું. ઓસ્ટ્રેલિયા તરફથી જૈ ફા’આલેએ સર્વાધિક ૧૯ પોઈન્ટ, બેઈલી હેન્સનએ ૧૫, યાહ્યા બસરાનએ ૧૩ અને હેરી કુકએ ૧૧ પોઈન્ટનું યોગદાન આપ્યું હતું. સામે પક્ષે ચીન તરફથી યિઝાઓજી ઝાંગએ સૌથી વધુ ૨૦ પોઈન્ટ બનાવ્યા હતા. આ ટુર્નામેન્ટના પરિણામે ઓસ્ટ્રેલિયા, ચીન, ન્યૂઝીલેન્ડ અને કોરિયાએ ૨૦૨૭માં રમાનારા FIBA U19 વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કરી લીધુંછે. ટુર્નામેન્ટની અન્ય મેચોની વાત કરીએ તો, બ્રોન્ઝ મેડલ માટેની મેચમાં ન્યૂઝીલેન્ડે કોરિયાને ૧૦૨-૯૭થી હરાવી ત્રીજું સ્થાન મેળવ્યું હતું, જેમાં જેકસન બોલના ૨૯ પોઈન્ટ નિર્ણાયક રહ્યા હતા. આ સિવાય પાંચમા સ્થાન માટેની મેચમાં જાપાને ઈરાનને ૮૮-૮૩થી અને સાતમા સ્થાન માટે ચાઈનીઝ તાઈપેએ ફિલિપાઈન્સને ૮૯-૭૮થી હરાવ્યું હતું. આ ભવ્ય ફાઈનલ મેચ રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણી, અમદાવાદના મેયર હિતેશ બારોટ, સાંસદ હસમુખ પટેલ તથા બાસ્કેટબોલ એસોસિએશનના પ્રમુખ શક્તિસિંહ ગોહિલ સહિતના મહાનુભાવોની ખાસ ઉપસ્થિતિમાં યોજાઈ હતી.


**રેહતાન ટીએમટી લિમીટેડ**

CIN: L24105GJ198PLC007041

**રજીસ્ટર્ડ ઓફિસ :** કોર્પોરેટ હાઉસ - ૨, અનમ - ૨, વકીલ સાહેબ બ્રિજની નજીક, ઈસ્કોન - આંબલી બી.આર.ટી.એસ. રોડ, આંબલી, અમદાવાદ - ૩૮૦૦૫૮. **ફોન નં.** ૦૯૧ ૬૩૫૮૦૨૮૧૦૫, **ઈમેલ :** rhetantmt@gmail.com, **વેબસાઈટ :** www.rhetan.com

**૪૨મી વાર્ષિક સામાન્ય સભા, ઈ-વોટીંગ માહિતી તથા બુક બંધ થવાની તારીખની નોટીસ**

આથી સભ્યોને જણાવવામાં આવે છે કે મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ ના પરિપત્ર નં. ૩/૨૦૨૫, તા. ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૫ (એન.સી.એ પરિપત્ર) તથા સિકયોરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના પરિપત્ર નં. SEBI/HO/CFD/CFD-PoD-2/P/CIR/2024/133, તા. ૩જી ઓકટોબર, ૨૦૨૪ (સેબી પરિપત્ર) અને અન્ય તમામ સંબંધિત પરિપત્રો સમયાંતરે જારી કરવામાં આવેલ છે. તેને ધ્યાનમાં રાખીને કંપનીના સભ્યોની વાર્ષિક સામાન્ય સભા (એ.જી.એમ), તા. ૧૬મી સપ્ટેમ્બર ૨૦૨૬, બુધવાર ના રોજ બપોરે ૩:૩૦ વાગે વિડિયો કોન્ફરન્સ (વી.સી.) અન્ય ઓડિયો વિઝયુલ માધ્યમ (ઓ.એ.વી.એમ.) દ્વારા યોજાશે, જેમાં એ.જી.એમ. નોટીસમાં દર્શાવવામાં આવ્યા મુજબના બિઝનેસ હાથ ધરાશે.

કંપની એકટ, ૨૦૧૩ ની કલમ ૯૧ તથા સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૪૨ અનુસાર સભ્યોનું પત્રક તથા શેર ટ્રાન્સફર બુક **તા. ૧૦મી સપ્ટેમ્બર ૨૦૨૬ થી ૧૬મી સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી** બંધ રહેશે. (બંને દિવસો સહિત)

એમ.સી.એ. પરિપત્રો તથા સેબી પરિપત્રોને ધ્યાનમાં રાખીને કંપનીની વાર્ષિક સામાન્ય સભાની જાણ કરતી નોટીસ તથા નાણાંકીય વર્ષ ૨૦૨૫ - ૨૬ માટેનો વાર્ષિક અહેવાલ, ઈલેકટ્રોનિક માધ્યમથી જે સભ્યોના ઈમેલ આઈડી કંપની તથા રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ તથા ડિપોઝિટરી પાર્ટીસીપન્ટ સમક્ષ નોંધાયેલા છે. તેમને મોકલવામાં આવ્યા છે.

**રીમોટ ઈ-વોટીંગ :**

કંપનીઝ એકટ, ૨૦૧૩ ની કલમ ૧૦૮, કંપનીઝ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન), એન્ફોર્સમેન્ટ રૂલ્સ - ૨૦૧૫ ના નિયમ ૨૦ અને સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૪૪ અન્વયે કંપની એ.જી.એમ. ની નોટીસમાં દર્શાવેલા કામકાજ અંગે વાર્ષિક સામાન્ય સભામાં ઈલેકટ્રોનિક માધ્યમથી મત આપી શકે તે માટે સભ્યોને સી.ડી.એસ.એલ. ના માધ્યમથી રીમોટ ઈ-વોટીંગની સુવિધા પુરી પાડે છે. સભ્યોને મોકલવામાં આવેલી એ.જી.એમ. ની નોટીસમાં રીમોટ ઈ-વોટીંગ અંગે વિસ્તૃત સૂચના આપવામાં આવી છે. કંપનીઝ એકટ, ૨૦૧૩ અન્વયે પૂરી પાડવામાં આવતી વિગતો તથા **નિયમો નીચે મુજબ છે.**

૧. રીમોટ ઈ-વોટીંગ માટેની કટ ઓફ ડેટ - **બુધવાર, ૯મી સપ્ટેમ્બર ૨૦૨૬ છે.**
૨. ઈ-વોટીંગની સમય મર્યાદા : **ઈ-વોટીંગ રવિવાર ૧૩મી સપ્ટેમ્બર ૨૦૨૬ ના સવારે ૯.૦૦ કલાકે શરૂ થશે અને મંગળવાર ૧૫મી સપ્ટેમ્બર ૨૦૨૬ ના સાંજે ૫.૦૦ કલાકે પૂર્ણ થશે.**
૩. જો કોઈ વ્યકિત એ.જી.એમ. ની નોટીસ મોકલ્યા બાદ શેર હસ્તગત કરે અને કંપનીના સભ્ય બને તથા ૯મી સપ્ટેમ્બર ૨૦૨૬ ની કટ ઓફ તારીખ સુધીમાં શેર ધરાવતા હોય, તો તે એ.જી.એમ. ની નોટીસમાં દર્શાવેલી રીમોટ ઈ-વોટીંગની સૂચના અને પ્રક્રિયા અનુસરીને તેમનો મત આપી શકે છે.
૪. જે વ્યકિતનું નામ કટ ઓફ તારીખ સુધીમાં સભ્યોના રજીસ્ટરમાં હોય અથવા ડીપોઝીટરીઝ દ્વારા જાળવવામાં આવતા બેનીફીશીયલ ઓનર્સના રજીસ્ટરમાં હોય, તે જ એ.જી.એમ. માં મત આપવા તથા રીમોટ ઈ-વોટીંગ ની સુવિધાનો ઉપયોગ કરવા હકદાર રહેશે, તેમ છતાં, જો કોઈ વ્યકિત પહેલાથી જ સી.ડી.એસ.એલ. માં રીમોટી ઈ-વોટીંગ માટે નોંધાયેલી હોય, તો વર્તમાન યુઝર આઈ.ડી અને પાસવર્ડ મત આપવા માટે ઉપયોગમાં લઈ શકાશે.
૫. જો સભ્યો વી.સી. / ઓ.એ.વી.એમ. સુવિધા દ્વારા એ.જી.એમ. માં ભાગ લેતા હોય અને જેમણે રીમોટ ઈવોટીંગ દ્વારા મત ન આપ્યો હોય, તે સભ્યો એ.જી.એમ. માં ઈવોટીંગ દ્વારા મત આપી શકશે.
૬. સભ્યો રીમોટ ઈવોટીંગ દ્વારા મત આપ્યા બાદ પણ એ.જી.એમ. માં વી.સી. / ઓ.એ.વી.એમ. સુવિધા દ્વારા ભાગ લઈ શકશે, પરંતુ એ.જી.એમ. માં ફરી મત નહીં આપી શકે.
૭. ઈવોટીંગ કરવાની, વી.સી. / ઓ.એ.વી.એમ. સુવિધા દ્વારા એ.જી.એમ. માં ભાગ લેવાની તથા શેરહોલ્ડર્સ દ્વારા ઈમેલ આઈડી નોંધવાની પ્રક્રિયા એ.જી.એમ. ની નોટીસમાં આપવામાં આવેલ છે. એ.જી.એમ. ની નોટીસ, કંપની ની વેબસાઈટ : www.rhetan.com, સી.ડી.એસ.એલ. ની વેબસાઈટ : www.evotingindia.com અને બી.એસ.ઈ. ની વેબસાઈટ : www.bseindia.com પર ઉપલબ્ધ છે.
૮. ઈ-વોટીંગનો લગતો કોઈ પ્રશ્ન હોય તો સભ્યો / બેનીફીશીયલ ઓનર્સ : www.evotingindia.com પર ઉપલબ્ધ ફ્રિકવન્ટલી આસ્કડ કવેશ્ચન્સ અને ઈ-વોટીંગ યુઝર મેન્યુએલ માંથી માહિતી મેળવી શકે છે અથવા helpdesk.evoting@cdslindia.com પર ઈમેલ કરી શકે છે તથા ૧૮૦૦ ૨૨૫૫૩૩ ટોલ ફ્રી નંબર પર ફોન કરી શકશે.

**રેહતાન ટીએમટી લિમીટેડ**
**બોર્ડ ઓફ ડિરેકટર્સના આદેશથી,**
**સહી/-**
**શાલીન શાહ,**
**મેનેજીંગ ડીરેકટર,**
**DIN: 00297447**

**સ્થળ : અમદાવાદ**
**તારીખ : ૨૪.૦૮.૨૦૨૬**



**WESTERN RAILWAY TO REGULARISE TRAIN NO. 05054/05053**
**BANDRA TERMINUS ⇌ GORAKHPUR WEEKLY SPECIAL TRAIN**

| REGULAR TRAIN NO. | ORIGINATING & DESTINATION STATIONS | W.E.F. | DEPARTURE | ARRIVAL |
|---|---|---|---|---|
| 15086 | Bandra Terminus – Gorakhpur (Amrit Bharat Express) | 29.08.2026 | 21:45 hrs (Saturday) | 06:45 hrs (Monday) |
| 15085 | Gorakhpur – Bandra Terminus (Amrit Bharat Express) | 28.08.2026 | 07:50 hrs (Friday) | 17:45 hrs (Next Day) |

**Halts:** Borivali, Palghar, Vapi, Valsad, Surat, Vadodara, Ratlam, Shamgarh, Bhawani Mandi, Kota, Gangapur City, Bayana, Agra Fort, Tundla, Kanpur Central, Aishbagh, Badshahnagar, Gonda, Basti and Khalilabad stations in both directions.

**Composition**: Sleeper Class and Second Sitting Coaches

For detailed information regarding timings at enroute stations, halts and composition, passengers may please visit www.enquiry.indianrail.gov.in

The Booking for **Train No. 15086** opens on **26.08.2026** at all PRS Counters and on IRCTC website.

**WESTERN RAILWAY**
wr.indianrailways.gov.in
Like us & Follow us on:
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

**PLEASE CARRY ORIGINAL ID PROOF FOR ALL RESERVED TICKETS**



**ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિ.)**

Truhome FINANCE

**ડીમાન્ડ નોટીસ**

**રજીસ્ટર્ડ ઓફિસ :** શ્રીનિવાસ ટાવર, પહેલો માળ, દુન નં. ૫, જુનો નં. ૧૧, બીજી લેન, સેનાટોફ રોડ, અલવરપેટ, ટેનામ્પેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૮.
**હેડ ઓફિસ :** લેવલ - ૩, વોકહાર્ટ ટાવર્સ, પૂર્વ વિંગ, સી-૨, બ્લોક - જી, બાન્દ્રા-કુરલા કોમ્પ્લેક્ષ, બાન્દ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૧. **વેબસાઈટ :** http://www.truhomefinance.in

આથી સુચના આપવામાં આવે છે કે નીચેના દેવાદારોએ **ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિ.)** પાસેથી મેળવેલી લોન સુવિધાઓના પ્રિન્સીપલ રકમ અને વ્યાજની ચુકવણીમાં ડિફોલ્ટ થયા છો અને ઉપરોકત લોન ખાતાઓને નોન - પરફોર્મિંગ એસેટ્સ (એનપીએ) તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. તેમને તેમના છેલ્લા જાણીતા સરનામાં પર સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (સરફેસી એકટ) ની કલમ ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ જારી કરવામાં આવી હતી. ઉપરોકત ડીમાન્ડ નોટીસ ઉપરાંત, તેમને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરવામાં આવી છે. કલમ ૧૩(૨) હેઠળ મોકલવામાં આવેલી ઉધારકર્તાઓ, સિકટોરીટીઝ, બાકી લેણાં, ડીમાન્ડ નોટીસ અને તેના હેઠળ દાવો કરાયેલ રકમની વિગતો નીચે મુજબ આપવામાં આવી છે.

| ઉધારકર્તાઓ અને સહ-ઉધારકર્તા / જામીનદારનું નામ | મુકરર મિલકતનું વર્ણન | ડીમાન્ડ નોટીસની તારીખ અને બાકી લ્હેણી રકમ |
|---|---|---|
| **LAN No. TLPHSRAT0003094**<br>**(૧). અક્ષર બાયોટેક પ્રાઈવેટ લિમીટેડ, તેમના ડાયરેકટરો :**<br>**(એ). સોનલ ભરતભાઈ સાવલીયા,**<br>**(બી). ભરતભાઈ જી સાવલીયા**<br>**(ઉધારકર્તા નં. ૧) અને**<br>**(૨). સોનલ ભરતભાઈ સાવલીયા**<br>**(ઉધારકર્તા નં. ૨) અને**<br>**(૩). ભરતભાઈ જી. સાવલીયા**<br>**(ઉધારકર્તા નં. ૩)**<br>**બધાનું સરનામું :** એપીએમસી સરદાર માર્કેટ, પુણા - કુંભારીયા રોડ, કુંભારીયા, સુરત - ૩૯૫૦૧૦.<br>**અને અહીં પણ :** દુકાન નં. ૫૩૫ થી ૫૩૮, પાંચમો માળ, મેરીડીયન બિઝનેશ સેન્ટર, લજામણી ચોક, મોટા વરાછા, સુરત - ૩૯૪૧૦૧.<br>**અને અહીં પણ :** બી-૧/૩૦૨, રીવર વ્યુહ હાઈટ્સ, પેડર રોડ, મોટા વરાછા, સુરત - ૩૯૪૧૦૧.<br>**Loan Amount - Rs. 49,95,000/-**<br>**LAN No. TLPHSRAT0003094**<br>**NPA Date - 03-08-2026** | **મિલકત નં. ૧ :- ભરતભાઈ ગભરૂભાઈ સાવલીયાની માલીકી હેઠળ.** તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો ઓફિસ નં. ૫૩૫, કાર્પેટ એરીયાનું ક્ષેત્રફળ ૧૧.૭૩ સ્કે.મી. અને બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૧૨.૫૮ સ્કે.મી., જે સ્થિત છઠ્ઠો માળ, મેરીડીયન બિઝનેશ સેન્ટર, બાંધકામ હેઠળની જમીનનો રેવન્યુ સર્વે નં. ૧૦૪/૧ અને બ્લોક નં. ૭૬, જેનું આશરે ક્ષેત્રભળ ૪૯૫૭ સ્કે.મી., ગામ ફોર્મ નં. ૭ અને ૧૨ મુજબ ફાઈનલ પ્લોટ નં. ૨૬ અને ૨૭ પૈકી, ફાઈનલ પ્લોટ નં. ૨૬, જેનું આશરે ક્ષેત્રફળ ૨૭૨૧ સ્કે.મી., ટી પી સ્કીમ નં. ૧૮ (મોટા વરાછા), મોટા વરાછા, જીલ્લો - સુરત, અવિભાજીત હકક સાથેની જમીનનું આશરે ક્ષેત્રફળ ૬.૧૨ સ્કે.મી.<br>**ચતુઃસીમા :- (ડોકયુમેન્ટ મુજબ) :- ઓફિસની ચતુઃસીમા :- પૂર્વે :** ઓફિસ નં. ૫૩૦, **પશ્ચિમે :** બિલ્ડીંગની જગ્યાનો ૨.૫ મી. પહોળો આંતરીક રોડ, **ઉત્તરે :** ઓફિસ નં. ૫૩૪, **દક્ષિણે :** ઓફિસ નં. ૫૩૬. **ચતુઃસીમા :- જમીનની ચતુઃસીમા :- પૂર્વે :** શાંતિ નિકેતન સોસાયટી, **પશ્ચિમે :** ૪૫ મી. ટીપી રોડ, **ઉત્તરે :** ૭.૫ મી. ટીપી રોડ, **દક્ષિણે :** એફ.પી. નં. ૫૫.<br>**મિલકત નં. ૨ :- ભરતભાઈ ગભરૂભાઈ સાવલીયાની માલીકી હેઠળ.** તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો ઓફિસ નં. ૫૩૬, કાર્પેટ એરીયાનું ક્ષેત્રફળ ૧૩.૦૬ સ્કે.મી. અને બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૧૪.૧૮ સ્કે.મી., જે સ્થિત છઠ્ઠો માળ, મેરીડીયન બિઝનેશ સેન્ટર, બાંધકામ હેઠળની જમીનનો રેવન્યુ સર્વે નં. ૧૦૪/૧ અને બ્લોક નં. ૭૬, જેનું આશરે ક્ષેત્રભળ ૪૯૫૭ સ્કે.મી., ગામ ફોર્મ નં. ૭ અને ૧૨ મુજબ ફાઈનલ પ્લોટ નં. ૨૬ અને ૨૭ પૈકી, ફાઈનલ પ્લોટ નં. ૨૬, જેનું આશરે ક્ષેત્રફળ ૨૭૨૧ સ્કે.મી., ટી પી સ્કીમ નં. ૧૮ (મોટા વરાછા), મોટા વરાછા, જીલ્લો - સુરત, અવિભાજીત હકક સાથેની જમીનનું આશરે ક્ષેત્રફળ ૬.૧૨ સ્કે.મી.<br>**ચતુઃસીમા :- (ડોકયુમેન્ટ મુજબ) :- ઓફિસની ચતુઃસીમા :- પૂર્વે :** ઓફિસ નં. ૫૨૯, **પશ્ચિમે :** બિલ્ડીંગની જગ્યાનો ૨.૫ મી. પહોળો આંતરીક રોડ, **ઉત્તરે :** ઓફિસ નં. ૫૩૫, **દક્ષિણે :** બિલ્ડીંગનું માર્જીન (ખુલ્લા આકાશ તરફની જગ્યા). **ચતુઃસીમા :- જમીનની ચતુઃસીમા :- પૂર્વે :** શાંતિ નિકેતન સોસાયટી, **પશ્ચિમે :** ૪૫ મી. ટી પી રોડ, **ઉત્તરે :** ૭.૫ મી. ટી પી રોડ, **દક્ષિણે :** એફ.પી. નં. ૫૫.<br>**મિલકત નં. ૩ :- સોનલ ભરતભાઈ સાવલીયાની માલીકી હેઠળ.** તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો ઓફિસ નં. ૫૩૭, કાર્પેટ એરીયાનું ક્ષેત્રફળ ૧૩.૦૬ સ્કે.મી. અને બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૧૪.૧૮ સ્કે.મી., જે સ્થિત છઠ્ઠો માળ, મેરીડીયન બિઝનેશ સેન્ટર, બાંધકામ હેઠળની જમીનનો રેવન્યુ સર્વે નં. ૧૦૪/૧ અને બ્લોક નં. ૭૬, જેનું આશરે ક્ષેત્રભળ ૪૯૫૭ સ્કે.મી., ગામ ફોર્મ નં. ૭ અને ૧૨ મુજબ ફાઈનલ પ્લોટ નં. ૨૬ અને ૨૭ પૈકી, ફાઈનલ પ્લોટ નં. ૨૬, જેનું આશરે ક્ષેત્રફળ ૨૭૨૧ સ્કે.મી., ટી પી સ્કીમ નં. ૧૮ (મોટા વરાછા), મોટા વરાછા, જીલ્લો - સુરત, અવિભાજીત હકક સાથેની જમીનનું આશરે ક્ષેત્રફળ ૬.૯૦ સ્કે.મી.<br>**ચતુઃસીમા :- (ડોકયુમેન્ટ મુજબ) :- ઓફિસની ચતુઃસીમા :- પૂર્વે :** બિલ્ડીંગની જગ્યાનો ૨.૫ મી. પહોળો આંતરીક રોડ, **પશ્ચિમે :** બિલ્ડીંગની સીડી, **ઉત્તરે :** ઓફિસ નં. ૫૩૮, **દક્ષિણે :** બિલ્ડીંગનું માર્જીન (ખુલ્લા આકાશ તરફની જગ્યા). **ચતુઃસીમા :- જમીનની ચતુઃસીમા :- પૂર્વે :** શાંતિ નિકેતન સોસાયટી, **પશ્ચિમે :** ૪૫ મી. ટી પી રોડ, **ઉત્તરે :** ૭.૫ મી. ટી પી રોડ, **દક્ષિણે :** એફ.પી. નં. ૫૫.<br>**મિલકત નં. ૪ :- સોનલ ભરતભાઈ સાવલીયાની માલીકી હેઠળ.** તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો ઓફિસ નં. ૫૩૮, કાર્પેટ એરીયાનું ક્ષેત્રફળ ૧૧.૭૩ સ્કે.મી. અને બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૧૨.૫૮ સ્કે.મી., જે સ્થિત છઠ્ઠો માળ, મેરીડીયન બિઝનેશ સેન્ટર, બાંધકામ હેઠળની જમીનનો રેવન્યુ સર્વે નં. ૧૦૪/૧ અને બ્લોક નં. ૭૬, જેનું આશરે ક્ષેત્રભળ ૪૯૫૭ સ્કે.મી., ગામ ફોર્મ નં. ૭ અને ૧૨ મુજબ ફાઈનલ પ્લોટ નં. ૨૬ અને ૨૭ પૈકી, ફાઈનલ પ્લોટ નં. ૨૬, જેનું આશરે ક્ષેત્રફળ ૨૭૨૧ સ્કે.મી., ટી પી સ્કીમ નં. ૧૮ (મોટા વરાછા), મોટા વરાછા, જીલ્લો - સુરત, અવિભાજીત હકક સાથેની જમીનનું આશરે ક્ષેત્રફળ ૬.૧૨ સ્કે.મી.<br>**ચતુઃસીમા :- (ડોકયુમેન્ટ મુજબ) :- ઓફિસની ચતુઃસીમા :- પૂર્વે :** બિલ્ડીંગની જગ્યાનો ૨.૫ મી. પહોળો આંતરીક રોડ, **પશ્ચિમે :** ઓફિસ નં. ૫૪૩, **ઉત્તરે :** ઓફિસ નં. ૫૩૯, **દક્ષિણે :** ઓફિસ નં. ૫૩૭. **ચતુઃસીમા :- જમીનની ચતુઃસીમા :- પૂર્વે :** શાંતિ નિકેતન સોસાયટી, **પશ્ચિમે :** ૪૫ મી. ટીપી રોડ, **ઉત્તરે :** ૭.૫ મી. ટીપી રોડ, **દક્ષિણે :** એફ.પી. નં. ૫૫.<br>**કોમન દુકાન નં. ૫૩૫ અને ૫૩૮ ની દુકાનની ચતુઃસીમા :- સાઈટ મુજબ :- પૂર્વે :** જોડેની દુકાન, **પશ્ચિમે :** જોડેની દુકાન, **ઉત્તરે :** જગ્યા, **દક્ષિણે :** ખુલ્લી જગ્યા. | ડીમાન્ડ નોટીસ ની તારીખ : ૧૩/૦૮/૨૦૨૬<br>ડીમાન્ડ નોટીસ મુજબ ની રકમ રૂા. ૫૩,૫૩,૭૨૪/- (રૂા. ત્રેપન લાખ ત્રેપન હજાર સાતસો ચોવીસ પુરા) તા. ૧૧/૦૮/૨૦૨૬ ના સુધી લોન એકાઉન્ટ નં. TLPHSRAT0003094 વત્તા ચડત વ્યાજ, આકસ્મિક ખર્ચાઓ, કોસ્ટ વગેરે સાથે ૬૦ દિવસમાં ભરી જવા. |

તેથી, આપ ઉધારકર્તાઓને આ સુચનાના ૬૦ દિવસની અંદર ઉપર દર્શાવેલ બાકી લેણાંની સંપૂર્ણ ચુકવણી કરવા માટે કહેવામાં આવે છે, નહીં તો નીચે સહી કરનાર ઉપરોકત સિકયોરીટીઝ લાગુ કરવા માટે સરફેસી કાયદાની હેઠળ કાર્યવાહી કરવામાં મજબુર રહેશે. મહેરબાની કરીને નોંધ કરો કે ઉપરોકત અધિનિયમની કલમ ૧૩(૧૩) હેઠળ, કોઈપણ લેણદાર, સિકયોર્ડ લેણદારની પૂર્વ લેખિત સંમતિ વિના નોટીસમાં ઉલ્લેખિત તેની સુરક્ષિત સંપત્તિ વેચાણ, લીઝ અથવા અન્યથા કોઈપણ રીતે ટ્રાન્સફર કરી શકશે નહી.

**સ્થળ : સુરત**
**તારીખ : ૨૫-૦૮-૨૦૨૬**

**સહી/-, અધિકૃત અધિકારી,**
**ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિ.)**